GJAR050009892023

પ્રાપ્તિ તારીખ :૦૩/૧૧/૨૦૨૩
નોંધ્યા તારીખ :૦૩/૧૧/૨૦૨૩
ફેંસલ તારીખ :૦૨/૦૭/૨૦૨૬

સમયગાળો :વર્ષ માસ દિવસ
૦૨ ૦૭ ૨૯

સત્य मेव जयते

---

**માલપુરનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. કલાસ સાહેબશ્રીની**
**કોર્ટમાં, મુ.માલપુર.**

---

**ફોજદારી કેસ નં. ૮૦૮/૨૦૨૩**
**આંક– ૪૫**

---

**FORM-A**

| **માલપુરનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માલપુર.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૦૨/૦૭/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | ૮૦૮/૨૦૨૩ |
| **ગુનાની કલમ** | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ : ૧૩૮ મુજબ |
| **ગુના રજી.નં.** | -- |
| **ફરિયાદી** | ત્રીવેદી પિયુષકુમાર નટવરલાલ<br>ઉ.વ.૪૩,ધંધો: વેપાર<br>રહે. બગીચા વિસ્તાર,<br>મુ.પો.તા.માલપુર, જી.અરવલ્લી. |
| **ફરિયાદ પક્ષે** | વિ.વ.શ્રી.એચ.એમ.પટેલ |
| **આરોપી** | ડામોર પ્રતાપસિંહ શ્યામાભાઇ<br>ઉ.વ.૪૦, ધંધો: ખેતી,<br>રહે: સરથુણા, ભાટીયા ફળી,<br>તા.સીમલવાડા, જી.ડુંગરપુર,<br>રાજસ્થાન. |

| | |
|---|---|
| **બચાવ પક્ષે** | વિ.વ.શ્રી.એસ.એમ.અમીન |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | -- |
| એફ.આઇ.આર.ની તારીખ | -- |
| પ્લી/ તહોમતનામું ઘડયા તારીખ | ૨૨.૧૧.૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૨.૧૧.૨૦૨૪ |
| ચુકાદા પર રાખ્યા તારીખ | ૦૫.૦૬.૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૦૨.૦૭.૨૦૨૬ |
| સજાનાં હુકમની તારીખ,જો હોય તો | ૦૨.૦૭.૨૦૨૬ |

## આરોપીની વિગતો

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન ઉપર મુકત કર્યા તારીખ** | **આક્ષેપિત ગુના** | **છોડી મુકેલ છે કે સજા કરેલ છે** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં ની કલમ–૪૨૮ ના હેતુ માટે** |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | ડામોર પ્રતાપસિંહ શ્યામાભાઇ | –– | – | ધી નેગોશી એબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ : ૧૩૮ મુજબ | સજા કરેલ છે. | આખરી હુકમ મુજબ | – |

**<u>FORM–C</u>**

**<u>– ફરિયાદી/બચાવપક્ષ/ કોર્ટનાં સાક્ષીઓની યાદી–</u>**

**<u>એ ફરિયાદ પક્ષ:–</u>**

| **અનું.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| 1 | ત્રીવેદી પિયુષકુમાર નટવરલાલનું સરતપાસનું સોગંદનામુ | ફરીયાદી આંક: ૫ |

(બી) **<u>ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–</u>**

| **અનું. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧** | ૦૭ | બેન્ક ઓફ બરોડાનો ચેક |
| **૨** | ૦૮ | બેન્કમાંથી મળેલ ચેક રીર્ટન મેમો |
| **૩** | ૦૯ | નોટીસની સ્થળપ્રત નકલ |
| **૪** | ૧૦ | પો.સ્ટ ની રસીદ |
| **૫** | ૧૧ | કોમ્પ્યુટરાઇઝડ એકનોલોજમેન્ટ રસીદ |
| **૬** | ૧૨ | ધી માલપુર નાગરીક બેન્કનાં ખાતાનું સ્ટેટમેન્ટ |
| **૭** | ૧૩ | સોના ચાંદીના દાગીના ગીરવે મુકેલાની રસીદ |

<u>(બી).બચાવપક્ષ :–</u>

| **અનું. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **–** | **–** | **–** |

**<u>–:ઠરાવ:–</u>**

(૧) ફરિયાદ પક્ષની ટૂંકમાં વિગતો એવી છે કે, આ કામનાં ફરીયાદી માનવ ગેસ એજન્સીની ડીલરશીપ ધરાવે છે. સદરહુ કામના આરોપી રહે.

સરથુણા તા : સીમલવાડા જી. ડુંગરપુર રાજસ્થાનના વતની હોવાથી ફરીયાદીનાં સંપર્કમાં આવતાં તેમની વચ્ચે મિત્રતા થયેલી. આ કામના આરોપીની માલિકીની જમીન તેમના ગામ સરથુણાથી ડુંગરપુર તરફ જતા રોડ ઉપર પેટ્રોલ પંપની ડાબી સાઈડે આવેલી હોવાથી તેમની માલિકીની જમીનમાં ભાગીદારીમાં હોટેલ બનાવવાની વાત કરેલી જેથી ફરીયાદીએ તેમના ઘેર જઈને રોડ ટચની તેમની જમીન જોઈને ભાગીદારીમાં હોટેલ બનાવવાનુ નક્કી કરેલ. આરોપીએ ભાગીદારીનુ લખાણ હોટેલનુ બાંધકામ ચાલુ થયા પછી કરવાનુ જણાવીને હાલ રૂ. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ) હોટેલનુ બાંધકામ કરવા માટે આપવાનુ જણાવતાં ફરીયાદીએ આરોપીને જુદી જુદી તારીખોએ નીચે મુજબ પૈસા આપેલા. જેની વિગતવાર યાદી નીચે મુજબ છે.

તા: ૧૫/૦૬/૨૧ ના રોજ રૂ. ૪,૦૦,૦૦૦/- રોકડા, બેન્કમાંથી ઉપાડીને

તા: ૨૨/૦૬/૨૧ ના રોજ રૂ. ૧,૦૦,૦૦૦/- રોકડા આપેલા.

તા: ૯/૦૫/૨૨ ના રોજ રૂ. ૫,૦૦,૦૦૦/- રોકડા, બેન્કમાં દાગીના મુકીને.

તા: ૧૧/૦૫/૨૨ ના રોજ રૂ. ૫,૦૦,૦૦૦/- રોકડા, માલપુર નાગ. બેન્કમાંથી

તા: ૧૦/૧૦/૨૨ ના રોજ રૂ. ૩,૦૦,૦૦૦/- રોકડા, બેન્કમાંથી ઉપાડીને

તા: ૦૮/૧૧/૨૨ ના રોજ રૂ. ૨,૬૮,૦૦૦/- રોકડા આપેલા.

આમ, કુલ રૂ. ૨૦,૬૮,૦૦૦ રોકડા આપેલા. ફરીયાદીએ આરોપીને ઉપરોકત જણાવેલ તારીખોએ હોટેલનુ બાંધકામ ભાગીદારીથી કરવા માટે રૂ.૨૦,૬૮,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ અડસઠ હજાર પુરા) રોકડા આપેલા. થોડાક સમય બાદ ફરીયાદીએ આરોપીને હોટેલ અંગેનુ ભાગીદારીનુ લખાણ કરવાનુ કહેતાં આરોપીએ લખાણ કરવાની ના પાડીને કહેલુ કે હોટેલમાં મારે તમારો ભાગ રાખવો નથી. હુ તમારા આપેલા પૈસા તમને પાછા આપી દઈશ. જેથી ફરીયાદીએ આરોપી પાસે હોટેલનુ બાંધકામ કરવા માટે આપેલા પૈસા

વારંવાર પરત માંગણી કરતાં છેવટે આરોપીએ તેમના ખાતાનો બેન્ક ઓફ બરોડા પીઠ, ડુંગરપુર શાખા રાજસ્થાનનો તા: ૦૩/૦૮/૨૦૨૩ ના રોજનો રૂ. ૨૦,૬૮,૦૦૦ ની રકમનો ચેક નં. ૦૦૦૦૮૩ નો સહી કરીને વિગતો ભરેલો આપેલો. ચેક આપતી વખતે આરોપીએ પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો કે ચેક પાસ થઇ જશે અને ચેકની લ્હેણી રકમ મળી જશે. જેથી આરોપી ઉપર વિશ્વાસ રાખીને ચેક સ્વીકારેલો.

આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૮૩ નો તા: ૧૬/૦૮/૨૩ ના રોજ ધી માલપુર નાગરીક સહકારી બેન્ક લી માલપુર શાખામાં ફરીયાદીનાં ખાતામાં જમા કરાવતાં સદર ચેક તા: ૧૭/૦૮/૨૩ ના રોજ આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ નહીં હોવાના શેરા સહિત સ્વીકારાયા વગર જ પરત મળેલો. ચેક પરત મળતાં ફરીયાદીએ વકીલશ્રી મારફતે આરોપીને રજી. પો. એડીથી તા:૨૮/૦૮/૨૩ ના રોજ નોટીસ આપી દિન-૧૫ ચેકની લ્હેણી રકમ ચુકતે આપી જવા તાકીદ કરેલી. જે નોટીસની બજવણી આરોપીને તેમના ઘરના સરનામે તા: ૦૮/૦૯/૨૩ ના રોજ થવા છતાંય નોટીસનો કોઇ જ જવાબ કે ચેકની લ્હેણી રકમ ચુકવી આપેલી નથી. આમ આરોપીએ તેમના ખાતામાં પુરતુ બેલેન્સ નહીં હોવાનુ જાણવા છતાંય ખોટો ચેક આપીને છેતરપિંડી કરેલ હોઇ હાલની ફરીયાદ દાખલ કરવાની જરૂર પડેલ છે. આમ, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય ધારાધોરણસર થવા તથા યોગ્ય સજા કરવા હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

**<u>આરોપીની પ્લી બાબતે:</u>**

(૨) આરોપીને સમન્સની બજવણી થઇ જતા, આરોપી અદાલત સમક્ષ હાજર થતા, તેને ફરિયાદ તથા તેની સાથે રજૂ તમામ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે

પુરી પાડયા બાદ, આંક:૧૯ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, તેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો.

**કેસની કાર્યવાહીનો સ્વરૂપ**

(૩) વટાવખત અધિનિયમની એકટની કલમ–૧૪૩ મુજબ આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે એટલે કે, આ કેસની કાર્યવાહી સંહિતાના પ્રકરણ–૨૧ કલમ ૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે અને કેસની કાર્યવાહી યોગ્ય પદ્ધતિથી અને લંબાણપૂર્વક પુરાવો લેવા આરોપીની આંક–૧૯ થી પ્લી રેકોર્ડ કરવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવેલો છે તેને ધ્યાને લેતાં તે લંબાણપૂર્વક નોંધવામાં આવેલો છે આમ, હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ તરીકે ચલાવેલ છે. ફરિયાદી, બચાવપક્ષ તર્ફે ઉપરોક્ત ફોર્મ – સી મા દર્શાવ્યા મુજબના લેખિત અને મૌખિક પુરાવા રજુ થયેલા છે.

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન**

(૪) ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં તેમની રૂબરૂમાં ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલો, તે સિવાયના પ્રશ્નોના જવાબમાં ખોટી વાત છે, તેઓ કશુ જાણતા નથી જણાવેલ છે, વિશેષમાં કાંઈ કહેવું છે તે સંદર્ભે જણાવેલ છે કે," અમોએ કહેવાતો કોઈ ગુનો આચરેલ નથી, ખોટો કેસ કરેલ છે,અમો તદ્દન નિર્દોષ છીએ."

## -:: મુદ્દાઓ ::-

(૫) ઉપરોક્ત હકીકતો સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- મુદ્દા નં.૧ – શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આંક-૦૭ વાળા ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરિયાદીને આપેલ છે ?
- મુદ્દા નં.૨ – શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?
- મુદ્દા નં.૩ – શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં.૧ – ''હકારમાં.''
- મુદ્દા નં.૨ – ''હકારમાં''
- મુદ્દા નં.૩ – આખરી હુકમ મુજબ.

(૭) ફરિયાદી તરફે વિ.વ.શ્રી.એચ.એમ.પટેલ દ્વારા મૌખિક દલીલ કરેલ છે ત્યારબાદ બચાવ પક્ષે આરોપી કે તેમના હાજર રહેલ ન હોય આરોપીની દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

## -:: કારણો ::-

(૮) મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપવામાં આવેલા છે. મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન ન થાય અને એકબીજાને પરસ્પર સંકળાયેલ હોય તે હેતુથી એક સાથે કરવામાં આવે છે. વધુમાં ચર્ચા

કરીએ તો, ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે કે કેમ તે અંગેના કારણો જોતાં સદર ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

| | | |
|---|---|---|
| 1 | Presentation | ૧૬/૦૮/૨૦૨૩ |
| 2 | Intimation of dishonor | ૧૭/૦૮/૨૦૨૩ |
| 3 | Notice issued | ૨૮/૦૮/૨૦૨૩ |
| 4 | Notice served / Presumption | ૦૮/૦૯/૨૦૨૩ |
| 5 | Filing Complaint | ૦૫/૧૦/૨૦૨૩ |

**<u>કોર્ટની હકુમત અંગે</u>**

**(૯.૦)** આ કામે ફરિયાદીની બેન્ક માલપુર મુકામે આવેલ છે આમ સદર ફરિયાદને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ આ કોર્ટને ફરિયાદ ચલાવવાની સત્તા છે.

**<u>પુરાવાના બોજા વિશે</u>**

**(૧૦.૦)** એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ મુજબ જો વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ વંચાણે લેતા તેમાં પણ "જ્યાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના

ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ ચુકવણી માટે ચેક આપેલો હતો"

આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યક્તિ વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યક્તિ પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યક્તિને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોક્ત નોંધેલ કલમ–**૧૧૮, ૧૩૯ અને ૨૦** અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરિયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનું માનવાને સબળ કારણ રહે છે. એ ખરૂ છે કે, કાનૂની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને જો વિરૂધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતું નથી. આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે. આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોક્કસ અનુમાનો છે અને આરોપી તરફથી જ્યાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી. આ કામે **સર્વોચ્ચ**

**અદાલત દ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી.** એટલે કે અનુમાનનું ખંડન આરોપી,ફરિયાદપક્ષે જ પુરાવો રજૂ કરેલો છે તેના દ્વારા પણ તે કરી શકે છે અને આરોપી દ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શક્ય પુરાવો આપવો જ જરૂરી છે.

**(૧૧.૦)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

**૧.** કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨. ચેકના લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩. ચેક લખ્યા તારીખથી ૩ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજૂ થયેલ હોવો જોઈએ.

૪. ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

૫. નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવી જોઈએ.

૬. દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોક્ત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એક્ટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવે છે કે , તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુક્ત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આમ, આ કામે આંક–૦૭ નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુક્ત થવા માટે આરોપીએ ફરિયાદીને આપેલ છે અને આ દેવું કે જવાબદારી કાયદેસરની છે અને તેનો કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેવો છે તેવું કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરશે. આનાથી વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ આંક–૦૭ નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે. આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશા ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા દ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે. પરંતુ કલમ – ૧૧૮ અને કલમ ૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરૂધ્ધ ત્યારે જ ઉપર કહ્યા મુજબ અનુમાન કરી શકે છે કે જ્યારે ફરિયાદીની ફરિયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પાલન કરેલ હોવું જોઈએ.

(૧૨.૦) આ કામના ફરિયાદી નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદીના શિરે છે. જેથી આ કામના ફરિયાદીએ આંક–૦૫ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ પોતાની આંક–૦૧ વાળી ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલ છે અને આંક: ૦૭ થી ૧૩ સુધીના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને સમર્થન કરેલ છે.

(૧૩.૦) આ કામે ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજ જોતાં અને ફરિયાદની હકીકત મુજબ સમયમર્યાદામાં ફરિયાદ રજૂ કરેલ છે .આ કામના ફરિયાદીએ ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ પ્રમાણેની તમામ ટેકનીકાલીટીસનું પાલન કરેલ હોય તેવું ફલિત થાય છે. વધુમાં ચર્ચા કરૂ તો, આ કામે આરોપીએ અસલ ચેકમા પોતાની સહી નહી હોવાનો કોઈ બચાવ લીધેલ નથી જેથી સદરહુ આંક–૦૭ વાળા તકરારી ચેકમા આરોપીએ સહિ કરેલ હોવાનુ ફલીત થાય છે. વધુમા ચેક ફરિયાદીને આરોપીએ આપેલ હતો તે હકીકત પણ બિન તકરારી છે. આરોપી તર્ફે ચેકના એકઝુકયુશન તથા ચેકના સહી અંગે કોઈ તકરાર લીધેલ ના હોય નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ મુજબ કલમ– ૧૩૯ મુજબનુ કાયદાકીય અનુમાન ફરિયાદીની તરફેણમાં જાય છે, ત્યારબાદ આરોપીએ પુરવાર કરવુ પડે કે સદર તકરારી ચેકનો દુરઉપયોગ ફરિયાદીએ કરેલ છે.

(૧૪) આરોપી પક્ષને તેમનો બચાવ કરવા કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય અને પુરતી તક આપવામાં આવેલી છે. આરોપી પક્ષે ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે હાજર રહી તેમનુ વિશેષ નિવેદન કે તેમનો કોઈ લેખિત – મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે તેમના બચાવનાં સમર્થનમાં કોઈ

લેખિત – મૌખિક દલીલો પણ કરેલ નથી. આમ આરોપીને પુરતી તક આપવા છતાં હાજર રહી કામ ચલાવેલ ન હોય નામદાર ઉચ્ચ અદાલતનાં (1) AIR 2014 S.C. 2528 INDIAN BANK ASSO. AND OTHERS V/s UNION OF INDIA (2) 2016 (0) AIJEL HC 236849 SHARAD JETHALAL V/s STATE OF GUJARAT (3) 2009 (1) BANK MANN 226 (KERALA HIGHCOURT) JAIN BABU V/s JOSEPH તથા (4) SP.CRI.APPL. (QUASHING) NO. 9113/16 ISHWARBHAI JETHALAL CHUNARA V/s STATE OF GUJARAT તથા (5) R/SPECIAL CRIMINAL APPLICATION NO. 6721/2023 MANOJ VASUDEV SOMPURA V/s STATE OF GUJARAT (6) R/SPECIAL CRIMINAL APPLICATION NO. 12712/2023 BHOOMI EXIM (PROPRIETARY CONCERN) V/s STATE OF GUJARAT ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સર્કયુલર નંબર સી. ૨૬૧૮/૨૦૧૬,તારીખ ૦૫/૦૭/૨૦૧૬ મા આપેલ સુચનાઓને ધ્યાને રાખી આરોપી પક્ષે કોઈ હાજર રહેતુ ન હોય તેમનો ફરીયાદીની ઉલટતપાસનો તેમજ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે.

**(૧૫)** વધુમાં,ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં નીચે મુજબની કલમો ધ્યાને લેવી જરુરી જણાય છે.

**<u>કલમ–૧૧૮ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત.</u>**

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણેનું માની લેવામાં આવશે.

**(એ) અવેજ વિષે :** દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વિકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો આપવામાં આવ્યો હોય,તે વટાવવામા આવ્યું હોય અથવા તબદીલ કરવામા આવ્યું હોય ત્યારે તે અવેજને માટે સ્વિકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(બી) તારીખ વિષે :** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**(સી) સ્વિકારવાના સમય વિષે :** સ્વિકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વિકારવામાં આવ્યું હતું.

**(ડી) તબદીલીના સમય વિષે :** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનુ જણાતા શેરા તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

**(ઈ) શેરાઓના ક્રમ વિષે :** કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**(એફ) સ્ટેમ્પ વિષે :** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(જી) ધારક યથાક્રમે ધારક છે એમ માની લેવા વિષે :** કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર

પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામા આવ્યું હોય ત્યારે, તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :</u>**

**(૧૬)** વિરૂધ્ધનું સાબીત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારક ને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખ પ્રકારનો ચેક મળ્યો છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ અને કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય છે.ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરિયાદીની તરફેણમાં કરવાનું હોય છે તે એબ્સોલ્યુટ નથી અને રીબર્ટ કરી શકાય અને તેનો રીબર્ટ કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવાનો હોય છે.એટલે કે ફરિયાદપક્ષના પુરાવામાં આરોપી પક્ષને કેસના સંજોગો અનુસાર પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનું પુરવાર કરે તો આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ મળવો જોઈએ. આમ ઉપરોકા બંને જોગવાઈઓ ધ્યાને લેતા જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો આરોપીને આપેલ ચેક એ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ જે તેવું અનુમાન કરવાની જોગવાઈ જે પુરતુ અનુમાન કયા

સુધી થઈ શકે અને તેનો વ્યાપ કેટલો છે અને તેના કોની જવાબદારી કોની છે,તે પણ જોવું જરુરી જે તે નામદાર સર્વોચ્ચ અદાલતના AIR 2010 SC 1898માં પ્રસિધ્ધ થયેલ **રંગપ્પા વિ. મોહનવાળા** ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

14. In light of these extracts, we are in agreement with the respondent- claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable

presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide theconstruction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

(૧૭) આમ, ઉપરોકત બંને કલમોની જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા એવું ફલીત થાય છે કે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા આપેલ છે, તેવું પ્રાથમીક અનુમાન થાય અને આ અનુમાનની ખંડનની જવાબદારી આરોપીના શીરે છે.આરોપીના આ અનુંમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદીએ રજુ કરેલા પુરાવા પર આધાર રાખી પોતાનો બચાવ રજુ કરી શકે.આરોપીએ પુરાવો આપવો આવશ્યક નથી પરંતુ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની પર છે. આરોપી જો આ અનુમાનનું ખંડન થાય તેવો પુરાવો કે હીકકતો રેકર્ડ પર લાવીને અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપીએ આપેલ ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવુ કાયદેસરનું છે તેવી હકીકત શંકાથી પર અને કાયદેસર રીતે સાબીત કરવાની જવાબદારી ફરીયાદીપક્ષે થાય છે અને સદર આરોપીએ અનુમાનનું ખંડન શંકાથી પર અને કાયદેસર રીતે કરવાનું હોતુ નથી. પ્રોબેબલ સંજોગો કે સંભાવના (preponderance of probabilities) રેકર્ડ પર લાવવાના હોય છે. આ કામે ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાના ઉપરોકત સિંધ્ધાતોને ધ્યાનમા રાખી આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું આવશ્યક છે.

<u>**ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ – ૪ :**</u>

(૧૮) **"માની શકાય (May presume)" :** કોર્ટ કોઈ હકીકત માની લઈ શકે એવી આ એકટમા જોગવાઈ હોય, ત્યારે નાસાબિત થાય ત્યાં સુધી તે સાબિત થયેલી છે એમ ગણી શકાશે, અથવા તેને વિશે પુરાવા માંગી શકાશે.

**"માની લેવુ જોઈશે (Shall presume)"** : કોર્ટે કોઈ હકીકત માની લેવી જોઈશે એવુ આ એકટમા ફરમાવ્યુ હોય, ત્યારે તેવી હકીકત નાસાબિત ન થાય ત્યાં સુધી તે સાબિત થયેલી છે એમ ગણવાનુ રહેશે.

**"નિર્ણાયક પુરાવો (Conclusive proof)"** : એક હકીકત બીજી હકીકતના અસ્તિત્વ માટેનો નિર્ણાયક પુરાવો છે, એવુ આ એકટથી જાહેર કરવામા આવ્યુ હોય ત્યારે કોર્ટે એવી એક હકીકતના અસ્તિત્વના પુરાવાથી બીજી હકીકત પુરવાર થયેલી જ ગણવાની રહેશે, ને તેને નાસાબિત કરવાના હેતુ માટે પુરાવો રજુ કરવાની પરવાનગી આપશે નહી.

(૧૯) સદર કામે ફરીયાદીએ તેમના કેસનાં સમર્થનમાં આંક– ૦૫ થી સરતપાસનું સોગંદનામુ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ મુજબ રજુ કરેલ છે. ફરીયાદીએ તેમની સરતપાસનાં સોગંદનામાની સાથે આંક–૦૩ થી દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલા છે,જે આ કામે આંક–૦૭ થી આંક–૧૩ સુધીના રજુ છે. ફરીયાદીની સરતપાસનું સોગંદનામુ રજુ થયા બાદ સદર કામ ફરીયાદીની ઉલટ તપાસ માટે રાખતા આરોપી તરફે હાજર થઈ ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી, ફરીયાદીની

ફરીયાદ હકીકતને રીબર્ટ કરતો કોઈ જ પુરાવો આરોપીપક્ષે રજુ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ તેમને કોઈ વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરતા સદર કામ એફ. એસ. માટે રાખવામાં આવેલ છે,પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય તેઓનો ફરીયાદીની ઉલટતપાસનો હક,એફ. એસ.નો તેમજ પુરાવાનો હકક ન્યાયનાં હિતમાં બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે મૌખિક દલીલો કરેલ છે,જે ધ્યાને લીધેલ છે. જયારે આરોપી પક્ષનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ,આ હકીકતો આરોપી તર્ફે સ્વીકૃત,બિનતકરારી,નિવિવાદીત પ્રકારની હોવાનું જણાય છે.

(૨૦) સદર કામે આરોપીએ હાજર રહી ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે તેઓનો કોઈ સ્વતંત્ર મૌખિક કે લેખિત પુરાવો આપેલ નથી તે ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ સરતપાસનું સોગંદનામુ તેમજ રજુ કરેલ સંલગ્ન દસ્તાવેજો બાબતે ફરીયાદપક્ષની દલીલ વિગેરે ધ્યાને રાખી જોતા તકરારી ચેક,રીટર્ન મેમો, નોટીસ, નોટીસ આપવા બાબતના પોસ્ટ ખાતાના દસ્તાવેજો વિગેરે દસ્તાવેજો અનુસંધાને કોઈ જ ઉલટ તપાસ થયેલ નથી કે તેવા દસ્તાવેજોને ઉલટ તપાસ અથવા અન્ય પુરાવાથી પડકારેલ હોવાનુ પણ જણાઈ આવતુ નથી. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદવાળા વ્યવહાર પેટેનાં ઉપરોકત દસ્તાવેજો જેવા કે અસલ ચેક તથા રીટર્ન મેમો ધ્યાને લેતા, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપેલાનુ અને સદર ચેક બેંકમાથી બાઉન્સ થયેલાનુ જણાઈ આવે છે. ફરીયાદીએ ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની નોટીસ નિયત સમય મર્યાદામાં આરોપીને મોકલાવેલાનુ રજુ

નોટીસ તથા પોસ્ટ ઓફીસનાં દસ્તાવેજો ઉપરથી પ્રસ્થાપિત થાય છે. આરોપી ધ્વારા ફરીયાદીને હાલનો તકરારી ચેક આપેલાનુ માની શકાય તેમ છે, કારણ કે, આરોપી પક્ષે કોઈ વિરુધ્ધની હકીકત રજુ કરેલ નથી. ફરીયાદીએ ઠરાવ આધારે યોગ્ય સત્તા મુજબ ફરીયાદ દાખલ કરેલ છે તેવા સંજોગોમાં ફરીયાદીની સરતપાસ મુજબની હકીકતો અને રજુ દસ્તાવેજો કાયદા મુજબ ન માનવાને કોઈ કારણ નથી.

**(૨૧)** વધુમા એન. આઈ. એકટની કલમ–૧૩૮ મુજબની આરોપીને આપવાની કાયદેસરની નોટીસ ફરીયાદીએ આરોપીને મોકલાવેલ છે. સદર નોટીસ આરોપીને બજી ગયેલ હોવા અંગેની એકનોલેજમેન્ટ તથા પોસ્ટ ઓફીસનો ટ્રેક રીપોર્ટ રજુ છે તેવા સંજોગોમાં કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાંનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં લેતા આરોપીને મોકલેલ નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ તેમનો બચાવ કરતો કોઈ જવાબ રજુ કરેલ નથી તે ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધનું અનુમાન કરવાને કારણ છે.

**(૨૨)** સદર કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ ફરીયાદીએ યોગ્ય રીતે ફરીયાદ દાખલ કરેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબનું અનુમાન પણ ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજો બાબતે કરવાનુ રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કાયદેસરનાં લેણાં

બાબતનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. જો કે અનુમાન ખંડનીય છે એટલે કે, આરોપપક્ષ સદર કાયદેસરનાં અનુમાનને રીબર્ટ કરી શકે છે. વળી, આરોપીએ તેમનો ખંડનાત્મક પુરાવો નિ:શંકપણે આપવાનો હોતો નથી, પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી રજુ કરવાનો હોય છે. આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કાયદેસરનાં લેણાં બાબતે આરોપીએ ફરીયાદીને ચેક આપ્યો છે તેવું કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ છે અને હાલનાં કેસમાં આરોપીપક્ષે કોઈ રીબર્ટલ પુરાવો આપેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદીની તરફેણનું કાયદાકીય અનુમાન અસ્તિત્વમાં રહે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો **રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહન**માંના પ્રસ્થિાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા, કાયદેસરનાં લેણાં બાબતનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ હોય છે, પરંતુ જો આરોપી ખંડનાત્મક પુરાવો આપે તો ત્યારબાદ ફરીયાદીએ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે છે. જોકે આરોપીએ પુરાવો આપવાનુ ધોરણ ફરીયાદી જેટલુ સ્ટ્રીક નથી, પરંતુ કોઝન્ટ એવીડન્સ રજુ કરી વ્યાજબી શંકા ઉભી કરવાની હોય છે. આરોપીએ તેમનો આવો વ્યાજબી શંકા ઉભો કરતો પુરાવો રજુ કરવા માટે વીટનેશ બોક્ષમાં પણ આવવાની જરુરી નથી. ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ લેખિત પુરાવા આધારે પણ રીટર્બલ પુરાવો આપી શકે છે. હાલનાં કેસમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીએ જાતે કે તેમના વિ. વ. શ્રી મારફતે હાજર રહી ફરીયાદપક્ષનાં પુરાવા દ્રારા કે પોતાનો કે પોતાનાં સાક્ષીનો કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરી કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી, તેવા સંજોગોમાં

ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ, સરતપાસનું સોગંદનામુ, રજુ દસ્તાવેજો, રજુ દલીલો, નામદાર ઉચ્ચ અદાલતનાં ચુકાદાઓમાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિગેરે ધ્યાને રાખી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપી ન્યાયનાં હિતમાં મુદ્દા નં. ર બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫ અન્વયે આ કામના આરોપી ડામોર પ્રતાપસિંહ શ્યામાભાઇ ઉ.વ.૪૦, ધંધો: ખેતી, રહે: સરથુણા, ભાટીયા ફળી, તા.સીમલવાડા, જી.ડુંગરપુર, રાજસ્થાનઓને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી ૨ (બે) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે .

૨. વધુમાં આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે , આરોપીએ ચેકની રકમ એટલે કે રૂપિયા ૨૦,૬૮,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ અડસઠ હજાર પુરા) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ મુજબ ફરિયાદીને વળતર પેટે હુકમની તારીખથી બે માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે .

૩. વધુમાં આ કામે આરોપી વળતરની રકમ ફરિયાદીને સમયસર ન ચુકવી આપે તો આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપી – ડામોર પ્રતાપસિંહ શ્યામાભાઇ ઉ.વ.૪૦, ધંધો: ખેતી, રહે: સરથુણા, ભાટીયા ફળી, તા.સીમલવાડા, જી.ડુંગરપુર, રાજસ્થાનઓનેઓને

સદર કામે કોર્ટમાં હાજર રહેતા ન હોય,આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮ અન્વયે પકડ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૨જી જુલાઈ સને ૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

**મુકામ : માલપુર.**
**તા. ૦૨/૦૭/૨૦૨૬**

**(કે.બી.પરમાર)**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**માલપુર.**
**Code–GJ**01710